EDI

Nav Gujarat Samay

February 17, 2015
Page No. 4

# ઇડીઆઇમાં ૨૦મીથી ૧૧મી બાયેનિયલ કોન્ફરન્સ યોજાશે

નવગુજરાત સમય > અમદાવાદ

[redacted] આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, અમદાવાદ ખાતે ત્રણ દિવસની આન્ત્રપ્રિન્યોરશીપ પરની બાયેનિયલ કોન્ફરન્સનું આયોજન થયું છે. આ કોન્ફરન્સ ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થશે. તેનું ઉદ્દ્ઘાટન IIMના કસ્તુરભાઇ લાલભાઇ બિઝનેસ હિસ્ટરી એન્ડ આન્ત્રપ્રિન્યોરશીપ ચેર સંભાળતા પ્રોફેસર, જાણીતા ઇતિહાસિદ દ્વિજેન્દ્ર ત્રિપાઠી દ્વારા થશે. સતત ૧૧મા વર્ષે યોજાઇ રહેલી આ કોન્ફરન્સ સંશોધકો અને શિક્ષણવિદો માટે એક મંચ પૂરો પાડે છે અને તેઓ નવા નવા સંશોધનો વિશે માહિતગાર થઇ શકે છે. આ કોન્ફરન્સમાં ૧૫૦ ડેલિગેટ્સ હાજર રહેશે જ્યારે ૨૫૦ રિસર્ચ પેપર્સ રજૂ થશે. જેમાં આન્ત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશન, વીમેન આન્ત્રપ્રિન્યોરશીપ, સોશિયલ આન્ત્રપ્રિન્યોરશીપ, માઇક્રો એન્ટરપ્રાઇઝ, ઇનોવેશન, એગ્રિપ્રિન્યોરશીપ અને ટુરિઝમ આન્ત્રપ્રિન્યોરશીપ જેવા મુદ્દાઓ પર વાત થશે.